જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૫/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૯૭૯ /૧૫

**ક્રાઇમબ્રાન્ચ :-**

## ગેરકાયદેસર નાદેશી બનાવટનો તમંચો તથા કારતુસ નંગ-૨ સાથે એક ઇસમને ઝબ્બે કરતી એસઓજી અમદાવાદ શહેર.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા નાઓએ શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા તેમજ ગેરકાયદેસર હથિયારના ગુનાઓ શોધી કાઢવાસુચના કરેલ. જે અનુંસધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી એ.કે.વડીયાતથા સ્ટાફના માણસો પેટ્રોલીંગ માં હતા.જે દરમ્યાન હેડ કોન્સ.સવજીભાઇ નાગજીભાઇ તથા પો.કો. જયેશભાઇ વાસીભાઇ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે શીવમ કૈલાસભાઇ પ્રજાપતિ ઉવ.૧૯ ધંધોઃ છુટક મજુરી રહે, ઘર નં.૮૭, પઠાણની ચાલી, વિક્રમ મીલ સામે, સરસપુર, ગોમતીપુર, અમદાવાદ શહેર મુળ વતન ગામ:બદનપુરા, જી. ઇટાવા, ઉત્તરપ્રદેશ નાનેસારંગપુર સર્કલ સતપાલ પેટ્રોલ પંપ આગળ જાહેર રોડ ઉપરથીમળી આવેલ. જેની પાસેથી (૧) દેશી બનાવટનો તમંચો કિ.રૂ.૫,૦૦૦/- (૨) કારતુસ નંગ-૨ કિ.રૂ.૨૦૦/- જેની કુલ્લે કિ.રૂ.૫,૨૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ. જેથી સદરહું ઇસમને પકડી અટક કરી તેના વિરુધ્ધમાં હથિયારધારા મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આગળની વધુ તપાસ એસ.ઓ.જી. ક્રાઇમ નાઓએ હાથ ધરેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.